GJMR010004842026

सत्यमेव जयते

| | | |
|---|---|---|
| દાખલ તારીખ | : | ૨૭–૦૨–૨૦૨૬ |
| રજીસ્ટરે લીધા તારીખ | : | ૨૭–૦૨–૨૦૨૬ |
| નિકાલ તારીખ | : | ૦૯–૦૩–૨૦૨૬ |
| અવધિ | : | વર્ષ માસ દિવસ |
| આંક | : | |

**મોરબીના વિશેષ ન્યાયાધીશ (પોકસો કેસ) અને અધિક સેશન્સ જજશ્રીની ફાસ્ટ ટ્રેક સ્પેશીયલ કોર્ટ સમક્ષ, મોરબી.**

**ફો.પ.અ.નં. ૨૩૯/૨૦૨૬**
**આંક**

**નરેશભાઈ રામદાસભાઈ જાતે સાધુ**
ઉ.વ.:– ૫૪, ધંધો:– મજુરી,
રહે. મજુરગામ પુરાણી સોસાયટી,
મકાન નં. ૩૧, અમુલ પાર્લરની બાજુમાં,
ગીતા મંદીર, અમદાવાદ
હાલ સબ જેલ મોરબી. **અરજદાર**

**વિરુધ્ધ**

**શ્રી ગુજરાત સરકાર,**
મારફતે : વિ.પી.પી.શ્રી,
મોરબી. **સામાવાળા**

---

**બાબત :– મોરબી સીટી એ ડીવીઝન પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૨૧૯૬/૨૦૨૫, બી.એન.એસ.કલમ– ૧૩૭(૨), ૮૭, ૬૪(૧), ૩૫૧(૩), ૫૪ તથા પોકસો એકટ કલમ– ૪, ૬, ૧૭ મુજબના ગુનાના કામે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ અન્વયે ચાર્જશીટ પછીની પ્રથમ વખતથી રેગ્યુલર જામીન મેળવવા માટેની અરજી**

---

**વકીલશ્રીઓ :– અરજદાર તરફે વિ.વ.શ્રી જે.એમ.પરીખ**
**સામાવાળા તરફે વિ. પી. પી.શ્રી વી.સી.જાની**

**-: હુકમ :-**

૧. અરજદાર/આરોપી દ્વારા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૩ અન્વયે અરજીમાં જણાવેલ કારણોસર નિયમીત જામીન મેળવવાની હાલની અરજી દાખલ કરેલ છે.

૨. અરજદાર/આરોપીની જામીન અરજી રજુ થતા આ કામે સામાવાળા/સરકારશ્રીને નોટીસ કાઢવામાં આવતા સામાવાળા તરફે વિ.પી.પી.શ્રી વી.સી.જાની પોલીસ તપાસના કાગળો સાથે હાજર થયેલ છે. તેમજ તપાસનીશ અમલદારે અરજદાર/આરોપીની વિરુધ્ધનું સોગંદનામું આંક-૫ થી રજુ કરેલ છે. જે વંચાણે લીધુ.

૩. અરજદાર/આરોપીના વિ.વ.શ્રી જે.એમ.પરીખ નાઓ દ્વારા મુખ્યત્વે એવી દલીલ કરવામાં આવેલ છે કે, આ કામના અરજદાર/આરોપી વિરુધ્ધ મોરબી સીટી એ ડીવીઝન પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૨૧૯૬/૨૦૨૫, બી.એન.એસ.કલમ- ૧૩૭(૨), ૮૭, ૬૪(૧), ૩૫૧(૩), ૫૪ તથા પોકસો એકટ કલમ- ૪, ૬, ૧૭ મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓ અંગેની ફરીયાદ દાખલ થયેલ છે. વધુમાં વિ.વ.શ્રી દ્વારા એવી દલીલ કરવામાં આવેલ છે કે, હાલના ગુનાના કામેનું ચાર્જશીટ ફાઇલ થઇ ગયેલ છે જે પોકસો કેસ નં. ૦૯/૨૦૨૬ થી નોંધાયેલ છે. અરજદાર/આરોપીએ કહેવાતો ગુનો કરેલ નથી. અરજદાર/આરોપી તદન નિર્દોષ છે. ફરીયાદીએ રાગદ્વેષ રાખી ખોટી ફરીયાદ કરેલ છે. વધુમાં વિ.વ.શ્રી દ્વારા એવી દલીલ કરવામાં આવેલ છે કે, અરજદાર/આરોપીએ ભોગબનનાર સાથે કોઇ અપકૃત્ય ભોગબનનારને કોઇ લલચાવી ફોસલાવી બદકામના ઇરાદે ભગાડવામાં કોઇ મદદગારી કરેલ નથી ખોટી રીતે નામ સંડોવી દીધેલ હોય અને ખોટી ફરીયાદ કરેલ હોય અરજદાર કશુ જાણતા નથી. વધુમાં

અરજદાર/આરોપીના વિ.વ.શ્રી નાઓએ અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન પર મુકત કરવામાં આવે તો અરજદાર/આરોપી કયાંય નાશી ભાગી જશે નહી અને આ કામની ટ્રાયલ ચાલતા નીયમીત રીતે નામ. કોર્ટમાં મુદત હરોળમાં હાજર રહેવાની ખાતરી આપેલ છે. અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન પર મુકત કરવા નામદાર કોર્ટ જે જે શરતો ફરમાવશે તે તમામ શરતોનું પાલન કરવાની પણ ખાતરી આપી અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા વિનંતી કરેલ છે.

૪. અરજી સામે વાંધો ઉઠાવી વિ.પી.પી.શ્રી વી.સી.જાની દ્વારા મુખ્યત્વે એવી દલીલ કરવામાં આવેલ છે કે, આ કામના અરજદાર/આરોપી વિરુધ્ધ મોરબી સીટી એ ડીવીઝન પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૨૧૯૬/૨૦૨૫, બી.એન.એસ.કલમ- ૧૩૭(૨), ૮૭, ૬૪(૧), ૩૫૧(૩), ૫૪ તથા પોકસો એકટ કલમ- ૪, ૬, ૧૭ મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓ અંગેની ફરીયાદ દાખલ થયેલ છે. વધુમાં વિ.પી.પી.શ્રી દ્વારા એવી દલીલ કરવામાં આવેલ છે કે, આ કામેના અરજદાર/આરોપીએ ભોગબનનારને કહેલ કે હું મારી રીતે આવેલ છું ચિરાગ(અન્ય સહઆરોપી નં. ૧) મને ભગાડીને લાવ્યો નથી ચિરાગનો કોઇ વાંક નથી તેવો વિડીયો બનાવડાવવા માટે અન્ય સાહેદના મોબાઇલમાં ઉતારાવી ગુનો આચરેલ છે. વધુમાં વિ.પી.પી.શ્રી દ્વારા એવી દલીલ કરવામાં આવેલ છે કે, હાલના ગુનાના કામેનું ચાર્જશીટ ફાઇલ થઇ ગયેલ છે જે પોકસો કેસ નં. ૦૯/૨૦૨૬ થી નોંધાયેલ છે. વધુમાં વિ.પી.પી.શ્રી દ્વારા એવી દલીલ કરવામાં આવેલ છે કે, સદર ગુનામાં અરજદાર/આરોપી પ્રથમથી જ સંડોવાયેલા છે. તેઓ સામે પ્રથમ દર્શનીય કેસ છે. તેવા સંજોગોમાં અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો, આ કામના સાહેદો તથા પંચો ને ધાક-ધમકી આપી પુરાવા સાથે ચેડા કરે-કરાવે તેવી શકયતાઓ છે તેમજ તેઓ નાસી-

ભાગી જાય તેવી શકયતાં હોય તેમજ ટ્રાયલ દરમ્યાન હાજર ન રહે તેવી શકયતાંઓ હોય, જેથી આ રેગ્યુલર જામીન અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે.

**૫.** હાલના કામે મુળ ફરીયાદી તરફે આંક-૬ થી અરજદાર/આરોપીએ કરેલ જામીન અરજી સંદર્ભેના વાંધા જવાબ રજુ રાખેલ છે. જે વંચાણે લીધેલ છે.

**૬.** ઉભયપક્ષોની રજુઆતો ધ્યાને લીધી. પોલીસ પેપર્સ ધ્યાને લેતાં, અરજદાર/આરોપી વિરુધ્ધ મોરબી સીટી એ ડીવીઝન પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૨૧૯૬/૨૦૨૫, બી.એન.એસ.કલમ- ૧૩૭(૨), ૮૭, ૬૪(૧), ૩૫૧(૩), ૫૪ તથા પોકસો એકટ કલમ- ૪, ૬, ૧૭ મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓ અંગેની ફરીયાદ દાખલ થયેલ છે. અદાલતે જામીન અરજીનો નિર્ણય કરતી વખતે આરોપી વિરુધ્ધનો ગુનો, ગુનાની ગંભીરતા, સાક્ષી પુરાવા સાથે ચેડા થવાની સંભાવના, ટ્રાયલ દરમ્યાન આરોપીની હાજરીની સુનિશ્ચિતતા અને આરોપી વિરુધ્ધના ગુનાનો ટ્રાયલ ચલાવવામાં પસાર થતા સમયના પાસા ધ્યાને લેવાના હોય છે. સંબંધીત ગુનામાં અરજદાર/આરોપીની ભુમીકા ધ્યાને લેતા આ આ કામેના મુખ્ય આરોપી નં. ૧ નાએ ભોગબનનારને અપહરણ કરી ભગાડી લઇ ગયેલ હોય તેમાં હાલના અરજદાર/આરોપીએ મદદગારી કરી અને ભોગબનનારને હું મારી રીતે આવેલ છુ ચિરાગ (અન્ય સહઆરોપી નં. ૧) મને ભગાડીને લાવેલ નથી તેવો વિડીયો સાહેદના મોબાઇલ ફોનમાં ઉતરાવી ગુનો આચરેલાનો આક્ષેપ છે. વધુમાં આ કામે બચાવપક્ષે વિ.વ.શ્રી એ હાલના કામે ચાર્જશીટ ફાઇલ થઇ ગયેલ હોય જામીન મુકત કરવા અરજ કરેલ છે પરંતુ ચાર્જશીટ દાખલ થયા બાદ કોઇ બદલાયેલા સંજોગોનું નિર્માણ થયેલ હોય તેવુ પણ રેકર્ડ પરથી જણાઇ આવતુ નથી.

તેથી વિશેષ મુળ ફરીયાદી નાઓએ પણ જામીન પર છોડવા સામેના વાંધા જવાબ રજુ કરેલ છે. જેમાં પણ જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે. વધુમાં આ કામે ત.ક.અ.નું સોગંદનામું વંચાણે લેતા જેમાં પણ અરજદાર/આરોપી નાઓનો હાલના ગુન્હામાં પોતાનો મહત્વનો રોલ ભજવેલ હોય. તેવા સંજોગોમાં હાલના અરજદાર/આરોપીની ગુનામાં ભજવેલ સક્રીય રોલ બાબતે તપાસ કરવા બાબતે જો તપાસ કરનાર અધિકારીને તક આપવામાં ન આવે તો તપાસના કામે વિપરીત અસર થાય તેવુ માની શકાય તેમ છે. વધુમાં હાલના અરજદાર/આરોપી અમદાવાદ શહેરના રહેવાસી હોય તથા આ કામે અત્રેની અદાલતમાં અરજદાર/આરોપી વિરુધ્ધ ચાર્જશીટ ફાઇલ થઇ ગયેલ હોય કેસની ન્યાયીક કાર્યવાહી સમયે અરજદાર/આરોપી મુદતે હાજર નહી તેવી પણ શકયતા રહેલ છે. વળી અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન આપવામાં આવે તો અરજદાર/આરોપી આ કામના ફરીયાદી તથા સાહેદો ને ધાક-ધમકી આપી, ફરીયાદપક્ષના કેસને નુકશાન પહોંચાડે તેવી શકયતા રહેલી છે. તે જોતાં આ કામના અરજદાર/આરોપી વિરુધ્ધ બી.એન.એસ.કલમ- ૧૩૭(૨), ૮૭, ૬૪(૧), ૩૫૧(૩), ૫૪ તથા પોકસો એકટ કલમ- ૪, ૬, ૧૭ મુજબના ગંભીર પ્રકારના ગુનાના આક્ષેપો હોઈ આવા ગંભીર ગુનાના કામે કાયદાના પ્રસ્થાપીત સિદ્ધાંતો મુજબ અરજદાર/આરોપીની તરફેણમાં વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરવાનું ન્યાયીક અને વ્યાજબી જણાતું નથી. તેમજ આ કામે ગુન્હાની ગંભીરતા, રજુ થયેલ પોલીસ પેપર્સ તથા આ કામે રજુ થયેલ તપાસનીશ અધિકારીનુ સોગંદનામું ધ્યાને લેતાં તથા અરજદાર/આરોપી સામે ગુન્હાની ગંભીરતા તથા ગુન્હાના આક્ષેપો જોતા, અરજદાર/આરોપીની તરફેણમાં જામીન ઉપર મુકત કરવા અંગેની વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરવાનુ ન્યાયના હિતમાં યોગ્ય અને વ્યાજબી જણાતું ન હોય તેવા સંજોગોમાં અરજદાર/આરોપીની અરજી

અન્વયે ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**-:: <u>હુકમ</u> ::-**

(૧) આ કામના અરજદાર/આરોપી **નરેશભાઇ રામદાસભાઇ જાતે સાધુ** નાઓની ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન મેળવવાની હાલની ફોજદારી પરચુરણ અરજી નં. ૨૩૯/૨૦૨૬ આથી **રદ યાને નામંજુર** કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ : ૦૯, માહે : માર્ચ, સને - ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ :- મોરબી
તા. ૦૯/૦૩/૨૦૨૬

**(કમલ રસીકલાલ પંડયા)**
સ્પેશ્યલ જજ (પોકસો કોર્ટ) અને
એડીશ્નલ સેશન્સ જજ, મોરબી
(કોડ નં.જીજે૦૦૭૩૯)

AHP